મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૧૯-૦૬-૨૦૨૫
ગુરૂવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૬૬
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.3-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

### વિધાનસભા મત વિસ્તારના તમામ મતદારોને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બની મતદાન કરવા અનુરોધ કરતા જિલ્લા ચૂંટણી અધિકારી

# ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર કટીબધ્ધ : દિવ્યાંગ મતદારો માટે રેમ્પની સુવિધા ઉપલબ્ધ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગની પેટા ચૂંટણી માટે આવતીકાલે તા.૧૯/૦૬/૨૦૨૫ ગુરુવારના રોજ મતદાન થનાર છે. આ

મતદાનનો સમય સવારે ૭ થી સાંજે ૬ રહેશે. ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી માટે કુલ ૨૯૪ મતદાન મથકો આવેલા છે અને મતદાન મથકના સ્થળો ૧૭૧ છે. આજે તમામ ૨૯૪ મતદાન મથક સ્થળો ઉપર પોલીંગ સ્ટાફ પહોંચી ગયેલ છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, ૨૪-કડી(અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી-૨૦૨૫ માટે મતદાન મથકો ખાતે **Assured Minimum Facilities (AMF)** જેવી કે, પીવાનું પાણી, શેડ, ટોઈલેટ તથા દિવ્યાંગ મતદારો માટે રેમ્પની સુવિધા ઉપલબ્ધ છે. તમામ ૨૯૪ મતદાન મથક સ્થળો ઉપર મતદાનના દિવસે વ્હીલચેરની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે અને તમામ મતદાન મથકો ઉપર વેબ-કાસ્ટીંગ કરવામાં આવશે. આ ઉપરાંત CAPF, વિડીયોગ્રાફી, માઈક્રો ઓબ્ઝર્વર વિગેરેની નિયત મતદાન મથકો પર વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મતદાન માટે ચૂંટણીકાર્ડએ મુખ્ય પુરાવો ગણાશે. આ સિવાય મતદારની



ઓળખ માટે ભારતના ચૂંટણીપંચ દ્વારા જારી કરવામાં આવેલ અન્ય ૧૨ ડોક્યુમેન્ટ્સને જ આધારભૂત પુરાવા તરીકે સ્વીકારવામાં આવશે આ પુરાવા દ્વારા મતદારો મતદાન કરી શકશે.મતદાન મથકની અંદર મોબાઈલ સાથે પ્રવેશ નિષેધ છે. પરંતુ ભારતના ચૂંટણીપંચની નવિન સૂચના અને નવી પહેલ અંતર્ગત મતદાન મથકના ૧૦૦ મીટરના વિસ્તારમાં ફક્ત મોબાઈલ ફોન લઈ જઈ શકાશે અને તે ફરજિયાતપણે 'સ્વીચ ઓફ મોડ' માં રાખવાનો રહેશે. મતદાન મથકના પ્રવેશદ્વાર પર ૧૦ જેટલા મતદાતાઓના મોબાઈલ ફોન જમા કરી શકાય તે મુજબની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે માટે તમામ મતદાન મથક ખાતે મતદારોને સહાય કરવા સ્વયંસેવકો **(Volunteers)** નીમવામાં આવેલ છે.

વધુમાં જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ ચૂંટણી મુકત, ન્યાયી અને શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવશે અને તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર કટીબધ્ધ છે તેમ જણાવી ૨૪-કડી (અ.જા.) વિધાનસભા મત વિસ્તારના તમામ મતદારોને લોકશાહીના મહાપર્વમાં સહભાગી બની મતદાન કરવા અનુરોધ કર્યો હતો.

## કડી ચૂંટણી અધિકારીએ પોલિંગ સ્ટાફ સાથે સંવાદ સાધી કર્મચારીઓનો ઉત્સાહ વધાર્યો

૨૪- કડી વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત આવતીકાલ તા. ૧૯ જુનના રોજ મતદાન યોજાનાર છે ત્યારે આજે મણીબેન એમ. પી શાહ મહિલા આર્ટસ કોલેજ કડી ખાતેના ડિસ્પેચિંગ સેન્ટરથી પોલિંગ સ્ટાફ EVM-VVPAT ચૂંટણીલક્ષી સામગ્રી લઈ મતદાન મથક ખાતે જવા રવાના થયો હતો. પોલિંગ સ્ટાફ મતદાન મથક ખાતે પહોંચી, તા. ૧૯ જુનના રોજ યોજાનાર મતદાન માટે મત કુટીર તૈયાર કરવી, બેઠક વ્યવસ્થા સહિતની જરૂરી તૈયારીઓ કરશે અને રાતવાસો પણ મતદાન મથક ખાતે કરશે.૨૪- કડી વિધાનસભા મતવિસ્તારના પોલિંગ સ્ટાફને ઈફસ-ફફૅંછ્ ઉપરાંત ચૂંટણીલક્ષી સામગ્રી મણીબેન એમ. પી શાહ મહિલા આર્ટસ કોલેજ કડી ખાતેથી વિતરિત કરવામાં આવી હતી.આ તકે ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી આશિષ મિયાત્રાએ ચૂંટણી ફરજ પરના કર્મીઓ તથા પોલિંગ સ્ટાફ સાથે સંવાદ સાધી ચૂંટણી ફરજ માટે પ્રોત્સાહિત કર્યા હતા. ઉપરાંત ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખી જરૂરી કાળજી લેવા બાબતે પણ સુચના આપી હતી.

### મતદાન પ્રક્રિયા દરમિયાન લેવાની થતી કાળજીઓ વિશે જનરલ ઓબ્ઝર્વરશ્રી દ્વારા માર્ગદર્શન અપાયું

# વિધાનસભામાં ચૂંટણી ફરજ માટે નિયુક્ત માઈક્રો ઓબ્ઝર્વર્સની મણીબેન એમ.પી.શાહ મહિલા આર્ટસ કોલેજ કડી ખાતે તાલીમ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી- ૨૦૨૫ અન્વયે તા. ૧૯ જુનના રોજ મતદાન થવાનું છે ત્યારે વિધાનસભા મત વિસ્તારમાં જુદા જુદા મતદાન મથકોએ ચૂંટણી ફરજ માટે નિયુક્ત માઈક્રો ઓબ્ઝર્વર્સની તાલીમ મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ કડી ખાતે યોજાઈ હતી.



આ તાલીમમાં જનરલ ઓબ્ઝર્વરશ્રી અવનિશ કુમાર શરણ દ્વારા માઈક્રો ઓબ્ઝર્વર તરીકે કામગીરી કરનારા અધિકારીઓને મતદાનના દિનની શરૂઆતથી અંત સુધી તેમને કરવાની થતી સમગ્ર કામગીરીની ઝીણવટભરી માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ માઈક્રો ઓબ્ઝર્વર્સના પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. વધુમાં તેઓએ માઈક્રો ઓબ્ઝર્વરને ચૂંટણી પ્રક્રિયાના આંખ, કાન ગણાવી મતદાન બુથ ઉપર થતી મોકપોલ સહિતની તમામ પ્રક્રિયા ઉપર ચાંપતી નજર રાખવા સૂચિત કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ૨૪- કડી વિધાનસભા મતવિસ્તારમાં વિવિધ પોલિંગ સ્ટેશન પર મતદાન થવાનું છે ત્યારે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મુક્ત, ન્યાયી અને પારદર્શક રીતે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય તે માટે માઈક્રો ઓબ્ઝર્વર્સની નિમણુંક કરવામાં આવી છે. જે મતદાનના દિવસે પોલિંગ બુથની સમગ્ર કામગીરી ઉપર નિરીક્ષણ કરશે. તેમજ નિયત ફોર્મેટમાં તેનો રિપોર્ટ તૈયાર કરી જનરલ ઓબ્ઝર્વરશ્રીને જમા કરાવશે. આ તાલીમમાં ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા, માઈક્રો ઓબ્ઝર્વર નોડલ ઓફિસરશ્રી તેમજ માઈક્રો ઓબ્ઝર્વર્સ ઉપસ્થિત રહ્યા હતા.

### છેલ્લા પાંચ વર્ષથી પુનિત નગરમાં રહીને કલર કામનો વ્યવસાય કરતાં હતા


# મહેસાણાના દેવરાસણ પાટિયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માતમાં રાજસ્થાનના બે યુવકનોના મોત

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

મહેસાણા નજીક દેવરાસણ ગામના પાટિયા પાસે કાર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં રાજસ્થાનના બે યુવકોએ જીવ ગુમાવ્યો છે. મૃતક યુવકોની ઓળખ પ્રદીપભાઈ મેઘવાલ અને નાયક ભૈરારામ તરીકે થઈ છે. બંને મૂળ રાજસ્થાનના તારાનગરના તોગાવાસના વતની હતા અને છેલ્લા પાંચ વર્ષથી મહેસાણાના પુનિત નગરમાં રહીને કલર કામનો વ્યવસાય કરતા હતા.

ગઈકાલે બંને યુવકો વિજાપુર કલર કામની સાઈટ જોવા ગયા હતા.






રાત્રે પરત ફરતી વખતે **GJ18CP7018** નંબરની બાઈક પર સવાર હતા. દેવરાસણ ગામના પાટિયા પાસે **GJ1RY2578** નંબરની કારે બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માતમાં બંને યુવકો રોડ પર ફંગોળાયા હતા. ગંભીર ઈજાઓ સાથે તેમને મહેસાણા સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. ટ્રોમા સેન્ટરમાં નાયક ભૈરારામનું મોત નીપજ્યું હતું. પ્રદીપભાઈ મેઘવાલને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું. મૃતક યુવકોના કાકા સોનુ મેઘવાલે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. બંને પરણિત યુવકોના મૃતદેહને અંતિમવિધિ માટે વતન લઈ જવામાં આવ્યા છે.

### જનરલ ઓબ્ઝર્વરે ડિસ્પેચિંગ સેન્ટર ખાતે ચાલી રહેલ સમગ્ર ચૂંટણી કામગીરીનું નિરીક્ષણ કર્યું

# ડિસ્પેચિંગ સેન્ટર ખાતે તમામ વ્યવસ્થાઓની જાત ચકાસણી કરી જનરલ ઓબ્ઝર્વરે સંતોષ વ્યક્ત કર્યો

## જનરલ ઓબ્ઝર્વર અવનિશ કુમાર શરણે મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ કડીના ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

૨૪-કડી(અ.જા) વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત તા. ૧૯ જુનના રોજ મતદાન યોજાનાર છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ આગોતરી તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

જે અંતર્ગત આજરોજ જનરલ ઓબ્ઝર્વરશ્રી અવનિશ કુમાર શરણે મણીબેન એમ.પી. શાહ મહિલા આર્ટસ કોલેજ કડી ખાતેના ડિસ્પેચિંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. જનરલ ઓબ્ઝર્વરશ્રીએ ડિસ્પેચિંગ સેન્ટર ખાતે ચાલી રહેલ સમગ્ર ચૂંટણી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

વધુમાં ડિસ્પેચિંગ સેન્ટર ખાતે કરવામાં આવેલ તમામ



વ્યવસ્થાઓની જાત ચકાસણી કરી જનરલ ઓબ્ઝર્વરશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત જનરલ ઓબ્ઝર્વરશ્રીએ વેબકાસ્ટીંગરૂમ અને કંટ્રોલરૂમની પણ મુલાકાત લીધી હતી અને ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા અંગે જાણકારી મેળવી હતી.

આ મુલાકાત દરમિયાન ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા ઉપસ્થિત રહ્યા હતા.

### છેલ્લા થોડા સમયમાં આવા ચારથી પાંચ બનાવો નોંધાયા છે

# વિજાપુરમાં રેલવે અંડરપાસમાં બાઈક અને એક્ટિવા 'સ્લિપ' થઈ રહ્યા છે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

વિજાપુરમાં જીઈબી અને રેલવે દ્વારા બનાવવામાં આવેલા અંડરગ્રાઉન્ડ બ્રિજ પર ગંભીર સમસ્યા સર્જાઈ છે. અહીં સીસી રોડ



પર વારંવાર બાઈક અને એક્ટિવા સહિતના વાહનો સ્લિપ થઈ રહ્યા છે. ખાસ કરીને વળાંક વિસ્તારમાં રોડ લપસણો હોવાથી બ્રેક મારતાં વાહનો પટકાય છે. છેલ્લા થોડા સમયમાં આવા ચારથી પાંચ બનાવો નોંધાયા છે.

સ્થાનિક વકીલ પિનાકીન બારોટના જણાવ્યા અનુસાર, જીઈબીથી બસ ડેપો કોર્ટ તરફ માર્કેટ યાર્ડ બાજુ જતા રસ્તા પર રેલવેના કોન્ટ્રાક્ટરે મોટા બમ્પ બનાવ્યા છે. વળાંક વધુ ઢાળવાળો અને લપસણો હોવાથી નાના વાહનો સ્લિપ થાય છે. આ માર્ગ પર નાના-મોટા તમામ વાહનોની અવરજવર રહે છે.

ચોમાસામાં પરિસ્થિતિ વધુ વિકટ બને છે. અંડરગ્રાઉન્ડમાં એક-બે ઈંચ વરસાદી પાણી ભરાઈ જાય છે. પાણીનો નિકાલ ધીમો હોવાથી સમસ્યા વધુ ગંભીર બને છે.

સ્થાનિકોએ મોટા અકસ્માતની આશંકા વ્યક્ત કરી છે. લોકોએ તંત્ર પાસે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. જો આ સમસ્યાનું નિરાકરણ ન આવે તો ગંભીર અકસ્માત થવાની શક્યતા છે.

### રેલવે ઓવરબ્રિજની કામગીરીને લઈને ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે

# વિસનગર મજબૂત હાઈટ બેરિયરને નશેડી ડમ્પર ચાલકે ટક્કર મારી તોડી નાંખતા પોલીસ ફરિયાદ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

વિસનગર શહેરમાં આઈ.ટી.આઈ રેલવે ઓવરબ્રિજની કામગીરી ચાલી રહી છે. આ દરમિયાન ભારે વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. શહેરના પાંચ સ્થળોએ હાઈટ બેરિયર લગાવવામાં આવ્યા છે.

મંગળવારે રાત્રે એક ગંભીર ઘટના બની હતી. કપચી ભરેલું ડમ્પર કડા તરફ જઈ રહ્યું હતું. કમાણા ચોકડી પાસે લગાવેલા મજબૂત હાઈટ બેરિયરને ડમ્પરે ટક્કર મારી. આ ટક્કરથી બેરિયરની બંને ઈંગલો ફાઉન્ડેશનમાંથી ઉખડી ગઈ હતી. સરકારી મિલકતને ૫૦ હજારથી વધુનું નુકસાન થયું.

પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી હતી. ડમ્પર નંબર GJ.૦૮.છેં.૭૪૪૨ના ચાલકની પૂછપરછ કરી, ચાલક દારૂના નશામાં



હતો. તેની ઓળખ ચૌહાણ ગોવિંદસિંહ અર્જુનસિંહ તરીકે થઈ છે. તે આનંદભાખરી, સતલાસણાનો રહેવાસી છે.

પોલીસે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ એક ડમ્પર ચાલકે દીપરા દરવાજા વિસ્તારમાં લગાવેલા હાઈટ બેરિયરને તોડી પાડ્યું હતું. કલેક્ટરે જાહેરનામું બહાર પાડી મોટા વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. નગરપાલિકાએ શહેરના મુખ્ય માર્ગો પર હાઈટ બેરિયર લગાવ્યા છે.




# જાતિગત વસ્તી ગણતરી, રાહ જોયા પછી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું

વસ્તી ગણતરી માટેની સૂચનાની રાહ જોવાઈ રહી હતી. ખાસ કરીને કારણ કે, એક તરફ, કોવિડ રોગચાળા અને અન્ય કારણોસર તે સમયસર શરૂ થઈ શકી ન હતી અને પછી થોડા સમય પહેલા સરકારે અચાનક જાતિગત વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લીધો. આઝાદી પછી પહેલી વાર જાતિગત વસ્તી ગણતરી હાથ ધરવા જઈ રહી છે.

જાતિગત વસ્તી ગણતરી કરવાનો નિર્ણય લઈને, મોદી સરકારે માત્ર વિપક્ષ અને ખાસ કરીને કોંગ્રેસ પાસેથી એક મુદ્દો છીનવી લીધો જ નહીં, પરંતુ ભારતીય સમાજનું વાસ્તવિક ચિત્ર પણ બહાર લાવવાનો નિર્ણય કર્યો. ઘણી નીતિઓનો આધાર કયા વર્ગની સામાજિક અને આર્થિક સ્થિતિ પર આધારિત છે, તેથી જાતિ વસ્તી ગણતરી કરવી સૈદ્ધાંતિક રીતે યોગ્ય અને જરૂરી હતી. છેવટે, તે એસસી એસટી સમુદાય માટે કરવામાં આવી રહી હતી.

હવે, અન્ય વર્ગોની સાથે, તે ઓબીસી માટે પણ કરવામાં આવશે. એ વાતને અવગણવી ન જોઈએ કે અત્યાર સુધી, ૧૯૩૧ ના જાતિ વસ્તી ગણતરીના ડેટાના આધારે અથવા અંદાજ દ્વારા કામ કરવામાં આવતું હતું. સ્વતંત્રતા પછી, કોઈ કારણોસર અને કદાચ જાતિ રાજકારણ મજબૂત થવાના ડરને કારણે જાતિ વસ્તી ગણતરી ટાળવામાં આવી હતી. આ ભયને સંપૂર્ણપણે નકારી શકાય નહીં. આજે પણ, કેટલાક લોકો એવો ભય વ્યક્ત કરી રહ્યા છે કે જાતિ વસ્તી ગણતરીના ડેટા તે રાજકીય પક્ષોનું કામ સરળ બનાવી શકે છે, જે ચોક્કસ જાતિનું રાજકારણ કરે છે.

સામાજિક ન્યાયના નામે સમાજને વિભાજીત કરતી જાતિ રાજકારણને મંજૂરી આપવી જોઈએ નહીં. જ્યારે સરકારે વિશ્વની સૌથી મોટી વસ્તી ગણતરી કરીને આ ભય દૂર કરવાનો પ્રયાસ કરવો જોઈએ, ત્યારે વસ્તી ગણતરીના સૂચના પર વાંધો ઉઠાવતી કોંગ્રેસે સમજાવવું જોઈએ કે તેણે તેના લાંબા શાસન દરમિયાન આવી વસ્તી ગણતરી કેમ ન કરી?

કોંગ્રેસ કહે છે કે મોદી સરકાર વસ્તી ગણતરી માટે નોટિફિકેશન બહાર પાડીને કંઈ નવું કરવા જઈ રહી નથી. જો એમ હોય તો તેણે કહેવું જોઈએ કે તેણે વસ્તી ગણતરી દ્વારા કયા અનોખા કાર્યો કર્યા છે? કોંગ્રેસ, જેણે પોતાના કાર્યકાળ દરમિયાન જાતિ વસ્તી ગણતરી કરાવવાની જરૂરિયાતને નકારી કાઢી હતી અને પછી અચાનક તેનો સૌથી મોટો સમર્થક બની ગયો હતો, તે ઢોંગ કરી રહી છે કે જાતિ વસ્તી ગણતરી એ દેશની બધી સમસ્યાઓનો એકમાત્ર ઉકેલ છે.

નિઃશંકપણે, જાતિ વસ્તી ગણતરી લગભગ એક સદી પછી ભારતીય સમાજના તમામ જાણીતા અને અજાણ્યા પાસાઓનું સત્ય ઉજાગર કરશે, કેટલીક દંતકથાઓ તોડીને બનાવવામાં આવશે અને તે સામાજિક અને આર્થિક વિકાસની નીતિઓને નક્કર દિશા આપવામાં મદદ કરશે, પરંતુ તે બધી સમસ્યાઓના ઉકેલની ચાવી નથી.

જેમ અનામત બધી સમસ્યાઓનું નિરાકરણ નથી કરતી. ૨૦૨૧ માં યોજાનારી વસ્તી ગણતરી હવે થવા જઈ રહી હોવાથી, આગામી વસ્તી ગણતરી ૨૦૩૧ માં થવાની શક્યતા ઓછી છે. ગમે તે હોય, વસ્તી ગણતરીનો ડેટા સીમાંકન સાથે મહિલા અનામત લાગુ કરવા માટેનો આધાર પણ બનશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

# જેલમાં બંધ ગેંગસ્ટર કાલા જાથેડી પિતા બનવા માંગે છે, તિહારમાં આઇવીએફ પ્રક્રિયા કરાવે છે

નવીદિલ્હી,તા.૧૮

દિલ્હીની તિહાર જેલમાં બંધ ગેંગસ્ટર સંદીપ ઉર્ફે કાલા જાથેડી સંબંધિત મોટા સમાચાર બહાર આવ્યા છે. કાલા જાઠેડીએ બાળક મેળવવા માટે તિહારમાં ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) પ્રક્રિયા કરાવી છે. તે તેની પત્ની અનુરાધા સાથે બાળકો ઈચ્છે છે, જેના માટે તેણે કોર્ટમાં અરજી પણ દાખલ કરી હતી. સૂત્રોએ મંગળવારે આ માહિતી આપી.

દિલ્હીની કોર્ટમાંથી પરવાનગી મળ્યા બાદ કાલા જાઠેડીની **IVF** પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ×કોર્ટે ૧૪ જૂનના રોજ સવારે ૬ થી ૭ વાગ્યાની વચ્ચે પ્રક્રિયા કરવાનો આદેશ આપ્યો હતો. હોસ્પિટલ સાથે સંકળાયેલા ડોકટરોએ વીર્યના નમૂના લેવા માટે તિહાર જેલ પરિસરની મુલાકાત લીધી હતી. સંપૂર્ણ ગુપ્તતા જાળવવામાં આવી હતી.×

જાથેદીના લગ્ન માર્ચ ૨૦૨૪ માં અનુરાધા ચૌધરી નામની મહિલા સાથે થયા હતા. લગ્ન સમયે જાથેદી પણ જેલમાં હતા. બાદમાં, જાથેદીએ કોર્ટમાં અરજી દાખલ કરી હતી, જેમાં તેણે કહ્યું હતું કે તે તેની પત્ની પાસેથી બાળકો મેળવવા માંગે છે, જેથી તેનો વંશ ચાલુ રહે. આ મામલે કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ માહિતી પણ જાહેર કરવામાં આવી હતી. કોર્ટે કહ્યું હતું કે **AIIMS** ના જવાબ મુજબ, ×ગુરુગ્રામની **IVF** ટીમની દેખરેખ હેઠળ તિહાર જેલમાં વીર્યના નમૂના એકત્રિત કરી શકાય છે અનૈંફઃ લેબમાં ટ્રાન્સફર કરી શકાય છે જ્યાં આરોપીની પત્નીની સારવાર કરવામાં આવી રહી છે અને વીર્યના નમૂનાને ૬૦ મિનિટની અંદર (સ્ત્રાવ પછી) સાચવી રાખવા જોઈએ.×

સંદીપ ઉર્ફે કાલા જાથેડી હરિયાણાના સોનીપત જિલ્લાના જાથેડી ગામનો રહેવાસી છે અને એક કુખ્યાત ગેંગસ્ટર છે. તે દિલ્હી, હરિયાણા, પંજાબ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને ચંદીગઢમાં સક્રિય રહ્યો છે અને તેના પર હત્યા, લૂંટ, ખંડણી, હત્યાનો પ્રયાસ અને આર્મ્સ એક્ટ જેવા ઘણા ગંભીર ગુનાઓ કરવાનો આરોપ છે.તેના તાર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે પણ જોડાયેલા છે. તે દુબઈ અને મલેશિયાથી પણ તેની ગેંગ ચલાવતો હતો પરંતુ હાલમાં તે દિલ્હીની તિહાર જેલમાં બંધ છે. વર્ષ ૨૦૨૧માં, દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે તેને ઉત્તર પ્રદેશના સહારનપુરથી ધરપકડ કરી હતી. તેના પર ૭ લાખ રૂપિયાનું ઈનામ હતું. વર્ષ ૨૦૨૩માં, તેણે રાજસ્થાનની મહિલા ડોન અનુરાધા ચૌધરી સાથે જેલમાં લગ્ન કર્યા હતા.

## સંપર્ક વિહોણા ગામો, રસ્તાના ધોવાણ સહિતના મુદ્દે તાકીદ

# વરસાદી હાલત વિશે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સમીક્ષા : જોખમી સ્થળોએ ‘ભયસૂચક’ બોર્ડ મુકવા સુચના

ગાંધીનગર તા.૧૮

ગાંધીનગરમાં સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો તેમજ પોલીસ, હવામાન વિભાગ, એન.ડી.આર.એફ., કોસ્ટ ગાર્ડના અધિકારીઓ સાથે બેઠક યોજીને તંત્રની સતર્કતા - સજ્જતાની સમીક્ષા કરી હતી.

ખાસ કરીને સૌરાષ્ટ્ર વિસ્તારમાં નદીઓમાં પૂર આવવાને પરિણામે નાના પૂલો, નાળા, કોઝવે પરથી ભયજનક રીતે વહેતા પાણીમાં કોઈ વાહન કે વ્યક્તિ ન જાય તેની તકેદારી રાખવાની તેમણે સૂચનાઓ આપી હતી. એટલું જ નહીં, આવા સ્થળોએ ચેતવણી સૂચક બોર્ડ અને જરૂર જણાયે



પોલીસ બંદોબસ્ત ગોઠવવાના નિર્દેશો પણ મુખ્યમંત્રી આપ્યા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભારે વરસાદને કારણે જે વિસ્તારોના ગામોમાં સંપર્ક - કોમ્યુનિકેશન નેટવર્કને અસર પહોંચી છે ત્યાં સેટેલાઈટ ફોન અને અન્ય વૈકલ્પિક વ્યવસ્થા તત્કાલ ઉભી કરી એવા ગામોનો સંપર્ક પ્રસ્થાપિત કરવાની સૂચનાઓ આપી હતી.

નિચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોનું તેમજ પશુઓ, ઢોર-ઢાંખરનું સલામત સ્થળે સ્થળાંતર કરવાની યોગ્ય વ્યવસ્થાઓ તેમજ આવા આશ્રય સ્થાનોમાં ખાવા-પીવાની, આરોગ્યની પુરતી સુવિધા જળવાય તે માટે મુખ્યમંત્રીએ જિલ્લા કલેક્ટરોને સૂચનાઓ આપી હતી.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદથી હાલની સ્થિતિએ જે માર્ગો બંધ છે તે માર્ગોને સત્વરે પુનઃ કાર્યરત કરવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચનાઓ આપી હતી.ભારે વરસાદ અસરગ્રસ્ત જિલ્લાઓમાં નિચાણ વાળા વિસ્તારોમાંથી કુલ ૨૫૯ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં ૧૩૯ લોકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું છે.

## ભારે વરસાદથી ૧૧ હાઈવે સહિત ૧૮૯ માર્ગો બંધ : એસટીના ૩૦ રૂટ ઠપ્પ

# ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર જેવા જીલ્લાઓમાં વધુ અસર : વિજતંત્રને પણ વ્યાપક ફટકો પડ્યો

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

સૌરાષ્ટ્ર-કચ્છ સહિત મેઘસવારીને પગલે રસ્તાથી માંડીને વિજપુરવઠો તથા એસટી સેવા પણ પ્રભાવિત થઈ છે.

રાજય સરકાર દ્વારા સંબંધીત વિભાગોને ત્વરીત કામગીરી કરવાની સૂચના આપવામાં આવી છે.

રાજય સરકારના સૂત્રોએ ભારે વરસાદને કારણે એક નેશનલ હાઈવે ૧૦ સ્ટેટ હાઈવે સહિત કુલ ૧૮૯ રસ્તા બંધ થયા હતા. જયાં વાહનવ્યવહાર અટકાવવો પડયો હતો. રાજયમાં જયાં સૌથી વધુ વરસાદ થયો છે તે ભાવનગર જીલ્લાનો એક નેશનલ હાઈવે બંધ છે.

જયારે સુરેન્દ્રનગરના ચાર



ભાવનગરના ત્રણ, બોટાદ-મોરબીના એક-એક મળીને ૧૦ સ્ટેટ હાઈવે બંધ છે. હાઈવે નજીકના અન્ય ૨૫ રસ્તાઓનુ પણ ધોવાણ થતા વાહનવ્યવહાર માટે બંધ કરાયા હતા. જયારે પાણી ભરાવા કે કોઝવે-પુલ તૂટી જવા જેવા ઘટનાક્રમોથી પંચાયત હસ્તકના ૧૫૩ માર્ગો બંધ રહ્યા છે.

ભારે વરસાદથી વિજતંત્રને પણ અસર છે. આજે સવારની સ્થિતિએ રાજયના ૨૪૧ ગામોમાં વિજપુરવઠો ખોરવાયેલો રહ્યો હતો જયારે ૧૨૩૪ ફીડર ઠપ્પ થયા હતા. કુલ ૫૭૯ વિજથાંભલા ધરાશાયી થયા હતા. ૨૫ ટ્રાન્સફોર્મર ઠપ્પ હતા.

માર્ગોમાં ભંગાણ તથા રસ્તા ધોવાતા તથા પુલ તૂટવાથી એસટીની સેવા પ્રભાવિત થઈ હતી. ખાસ કરીને ભાવનગર, બોટાદ તથા ગીર સોમનાથની એસટી સુવિધા પ્રભાવિત હતી.

ભાવનગર એસટીના ૧૫ રૂટ પરની ૫૬, બોટાદમાં ૧૩ રૂટની ૩૮ ટ્રીપો તથા ગીર સોમનાથમાં બે રૂટ પરની ત્રણ ટ્રીપો રદ કરવામાં આવી હતી. કુલ ૩૦ રૂટ પર ૯૭ ટ્રીપ રદ કરવામાં આવી હતી તેના કારણે એસટીને ૧.૨૯ લાખ રૂપિયાનું આવક નુકશાન થયાનો અંદાજ છે.

## વિમાન દુર્ઘટનામાં ગુજરાતના ૨૪૧ મુસાફરો સહિત અત્યાર સુધીમાં કુલ ૨૭૮ લોકોના દુઃખદ નિધન થયા છે

# અમદાવાદમાં કિન્નર અખાડા દ્વારા પ્લેન ક્રેશના મૃતકો માટે મૌનવ્રત-કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલી અપાઈ

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં સર્જાયેલી વિમાન દુર્ઘટનામાં ગુજરાતના ૨૪૧ મુસાફરો સહિત અત્યાર સુધીમાં કુલ ૨૭૮ લોકોના દુઃખદ નિધન થયા છે. ત્યારે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની આત્માને શાંતિ મળે તે માટે જમાલપુર ખાતે આવેલ પાલડી મેઉ અખાડાના કિન્નર સમાજ દ્વારા મૌનવ્રત અને કેન્ડલ માર્ચ દ્વારા શ્રદ્ધાંજલી આપવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

અમદાવાદના આ કિન્નર અખાડાનું સંચાલન કામિની દે કશિશ દે પાવૈયા કરે છે. ૧૨ જૂનના દિવસે બનેલી ઘટના વિશે તેમણે દુઃખ વ્યક્ત કરતા કહ્યું કે, “૧૨ તારીખે અમદાવાદમાં બનેલી આ ઘટના ખૂબ જ દુઃખદાયક છે. અને તેના મૃતકોને શ્રદ્ધાંજલિ આપવા માટે સમગ્ર ગુજરાતનાં બધા જ કિન્નર સમાજ



આજે અહીં ભેગા થયાં છીએ. ગુજરાતનાં અલગ અલગ ગામ અને જિલ્લાના કિન્નરો અહીં એકત્રિત થયાં છે. શોક મનાવવા માટે બધા કિન્નરો કાળા પોશાક પહેરીને અહીં આવેલા છે. અમારી ઈશ્વરને એ જ પ્રાર્થના છે કે આ દુર્ઘટનામાં મૃત્યુ પામેલ મૃતકોની આત્માને પ્રભુ શાંતિ આપે. અને તેમના પરિવારજનોને આ દુઃખદ ઘટનાનો સામનો કરવાની હિંમત આપે.

ગુજરાતનાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી વિશે વાત કરતા તેમણે કહ્યું કે, “વિજયભાઈ રૂપાણી ગુજરાતનાં સાચા હીરા હતાં. તેઓએ પુરી ઈમાનદારી સાથે ખૂબ સારૂં કામ જનતા માટે કર્યું હતું. તેમના અવસાનથી કિન્નર સમાજ ખૂબ દુઃખી છે.”

આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બધા જ કિન્નરો દ્વારા કાળા પોશાકમાં કેન્ડલ માર્ચ સાથે ઓમકાર કરવામાં આવ્યો હતો. સાથે જ મૌન પાળવામાં આવ્યું હતું.

આ સિવાય બધાએ ભેગા થઈ ઈશ્વરને પ્રાર્થના પણ કરી હતી. તેમણે દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પરિવાર જનો માટે મદદ કરવા તૈયારી દર્શાવી છે. તેમજ જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારની કુદરતી આપત્તિમાં કિન્નર સમાજ મદદ માટે ખડેપગે ઉભો છે.

નોંધનીય છે કે, ૧૨ જૂને બનેલી ગોઝારી એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરો સહિત ૨૭૮ થી વધુ લોકોનું નિધન થયું છે. તમામ મૃતદેહોને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા, જ્યાં ડીએનએ સેમ્પલ મેચિંગ કર્યા બાદ તેઓના પરિવારજનોને મૃતદેહ સોંપવામાં આવી રહ્યા છે.

## ગાંધીનગરમાં સ્વ.વિજયભાઈ રૂપાણીની પ્રાર્થનાસભા : જે.પી.નડ્ડા-રાજયોના CM આવશે

# ભાજપની નેશનલ ટીમ અને અનેક રાજયોના ભાજપના નેતાઓ શ્રદ્ધાંજલી આપશે : શુક્રવારે સાંજે કમલમમાં શ્રદ્ધાંજલી સભા

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૮

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી સ્વ.વિજયભાઈની ગઈકાલે રાજકોટની પ્રાર્થનાસભામાં મહાનગર ઉપરાંત સૌરાષ્ટ્રભરના ભાજપના અગ્રણીઓ તથા સ્વ.રૂપાણીના સ્નેહીજનો, શુભેચ્છકોએ અંજલી આપ્યા બાદ હવે કાલે ગુરૂવારે ગાંધીનગરમાં બે વધુ પ્રાર્થનાસભાનું આયોજન થયું છે.

જેમાં પ્રથમ પ્રાર્થનાસભા ગાંધીનગરમાં રાજય તથા દેશભરમાંથી ભાજપ તથા જાહેર જીવન અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓ પણ સ્વ.ને શ્રદ્ધાંજલી આપશે.

જેમાં મુખ્યત્વે ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડા તથા પક્ષની ટીમના સીનીયર સભ્યો, હરિયાણા સહિતના ભાજપ તથા અન્ય પક્ષના શાસનના મુખ્યમંત્રીઓ, પ્રદેશ પ્રમુખો સહિતના મહાનુભાવો આવશે. શ્રી રૂપાણી છેલ્લા ૨ વર્ષથી વધુ સમયથી રાષ્ટ્રીયકક્ષાએ કાર્યરત હતા.

અગાઉ તેઓ રાજયસભાના સભ્ય તરીકે છ વર્ષ રહી ચુકયા હતા અને છેલ્લે પંજાબના પ્રભારી તરીકે કામકાજ કર્યુ છે. આમ તેમના રાષ્ટ્રીય સંબંધો પણ વ્યાપક હતા અને તેમની સાથે કામ કરનારા પણ તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત બની ગયા હતા તેથી ગાંધીનગરમાં આવતીકાલે સવારે ૯થી૧૨ વાગ્યા સુધી સેકટર નં.૧૭ હેલીપેડ ગ્રાઉન્ડ ખાતેના એકઝીબીશન સેકટર હોલ નં.૧માં યોજાયેલી પ્રાર્થનાસભામાં ગુજરાત વિધાનસભાના સભ્યો, વિપક્ષના નેતાઓ તથા અમદાવાદમાં વિજયભાઈના સાથીદારો અને શુભેચ્છકો પહોંચશે.

આ માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. બીજી પ્રાર્થનાસભા શુક્રવારે ગુજરાત ભાજપના વડામથક ‘કમલમ’માં યોજાશે. શ્રી રૂપાણીએ લાંબો સમય ગુજરાત ભાજપના મહામંત્રી અને સંગઠન ક્ષેત્રે કામ કર્યુ છે અને પક્ષ દ્વારા તેથી તેમને શ્રદ્ધાંજલી આપવા ખાસ આયોજન થયું છે. કમલમ ખાતે શુક્રવારે સાંજે પ્રાર્થનાસભા યોજાશે. જે અંગેની તૈયારી પણ શરૂ થઈ છે. કમલમમાં શુક્રવારે સાંજે ૪થી૬ વાગ્યા સુધી આ પ્રાર્થનાસભા યોજાશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે. કેટલાક અટકેલા કામ સાંજના સમયે થવાની સંભાવના છે.

**વૃષભઃ** આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

**મિથુનઃ** આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

**કર્કઃ** આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

**સિંહઃ** આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. આજે સંબંધીઓ સાથએ વ્યવહાર ના કરો, સંબંધો ખરાબ થવાની સંભાવના છે.

**કન્યાઃ** આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

**તુલાઃ** આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

**વૃશ્ચિકઃ** સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે. મોટા નિર્ણયો કાળજીપૂર્વક લો.

**ધનઃ** આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા-વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે.

**મકરઃ** આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

**કુંભઃ** આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે.


**મીનઃ** આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે. રાત્રે શુભ કાર્યોમાં ભાગ લેવાનું સૌભાગ્ય મળશે.

## ફિલ્મી ગપશપ

# ઓનલાઈન સટ્ટાબાજી કેસમાં ઈડી સોનુ સૂદ અને ઉર્વશી રૌતેલા પર પણ નજર રાખી રહી છે

મુંબઈ,તા.૧૮

ઓનલાઈન સટ્ટાબાજી કેસમાં ઘણી મોટી હસ્તીઓની પૂછપરછ કરવામાં આવી છે. **ED**ના સૂત્રોએ આ અંગે માહિતી આપી છે. **ED** દ્વારા ભૂતપૂર્વ ભારતીય ક્રિકેટ દિગ્ગજ યુવરાજ સિંહ, હરભજન સિંહ અને સુરેશ



રૈનાની પૂછપરછ કરવામાં આવી હતી. આ સાથે બોલિવૂડ અભિનેતા સોનુ સૂદ અને ઉર્વશી રૌતેલાની પણ આ મામલે પૂછપરછ કરવામાં આવી રહી છે. ઈડી દ્વારા આ કાર્યવાહી એટલા માટે કરવામાં આવી રહી છે કે તેઓ પ્રતિબંધિત પ્લેટફોર્મનો પ્રચાર કેમ કરી રહ્યા છે તે જાણી શકાય. જેમાં વન બેટ, ફેર પ્લે અને મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી પ્લેટફોર્મનો સમાવેશ થાય છે. ઈઙ્ઢ દ્વારા આ કાર્યવાહી ભૂતપૂર્વ ક્રિકેટરો અને બોલિવૂડ કલાકારો સામે કરવામાં આવી રહી છે.

તાજેતરમાં, કોલકાતામાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ એક મોટા ઓનલાઈન સટ્ટાબાજી અને મની લોન્ડરિંગ રેકેટનો પર્દાફાશ કર્યો છે. આ રેકેટનો પર્દાફાશ કરવા માટે, પશ્ચિમ બંગાળ સહિત દિલ્હી, બિહાર, ઉત્તર પ્રદેશ અને આસામમાં ફેલાયેલા ઘણા સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યા હતા. આ કામગીરી દરમિયાન, મોટી માત્રામાં ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને શંકાસ્પદ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા હતા.

આ કામગીરી દરમિયાન, ઈડી દ્વારા ૭૬૬ ખચ્ચર બેંક ખાતાઓ અને ૧૭ ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ફ્રીઝ કરવામાં આવ્યા હતા. જેનો ઉપયોગ આ ગેરકાયદેસર સટ્ટાબાજી અને જુગાર સંબંધિત નાણાંના વ્યવહારોમાં થઈ રહ્યો હતો. ઈડીએ પીએમએલએ હેઠળ વિશાલ ભારદ્વાજ ઉર્ફે બાદલ ભારદ્વાજ અને સોનુ કુમાર ઠાકુર નામના બે આરોપીઓની પણ ધરપકડ કરી હતી.

બંનેને કોલકાતાની એક ખાસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમને ૧૦ દિવસ માટે ઈડી કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા.

એપ્રિલ મહિનામાં પણ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે મહાદેવ ઓનલાઈન સટ્ટાબાજી એપ કેસમાં મોટી કાર્યવાહી કરી હતી. ત્યારબાદ ઈઙ્ઢ એ આ કેસમાં વિવિધ સ્થળોએ દરોડા પાડીને ૫૭૩ કરોડ રૂપિયાની સંપત્તિ સ્થગિત કરી હતી. તેણે ૧૬ એપ્રિલ ૨૦૨૫ ના રોજ દિલ્હી, મુંબઈ, ઈન્દોર, અમદાવાદ, ચંદીગઢ, ચેન્નાઈ અને સંબલપુર (ઓડિશા) માં અનેક સ્થળોએ મની લોન્ડરિંગ નિવારણ કાયદા હેઠળ દરોડા પાડ્યા હતા.

આ સર્ચ દરમિયાન, ઈડીએ ૩.૨૯ કરોડ રૂપિયાની રોકડ જપ્ત કરી હતી. ઉપરાંત, ઈડીએ ૫૭૩ કરોડ રૂપિયાથી વધુની સિક્યોરિટીઝ, બોન્ડ અને ડીમેટ એકાઉન્ટ પણ સ્થગિત કર્યા હતા. આ સાથે, મોટી માત્રામાં ગુનાહિત દસ્તાવેજો અને ઈલેક્ટ્રોનિક પુરાવા પણ મળી આવ્યા હતા.

## પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલ દીવના વિશ્વાસ સગા ભાઈ અજયની અંતિમ યાત્રામાં ભાંગી પડયો

# મને કેમ જીવાડયો..... હવે મારે ઘેર જઈને શું કરવું કહી વિશ્વાસે આક્રંદ કરતા વાતાવરણ ખળભળી ઉઠયું : દીવમાં ૯ મૃતદેહો આવી પહોંચ્યા

(ગરવી તાકાત) અમદાવાદ તા.૧૮

અમદાવાદ વિમાન દુર્ઘટનામાં દીવના ૧૪ લોકોના મોત થયા હતા. ગઈકાલે ૪ મૃતદેહ અને મોડી રાત્રે એક મૃતદેહ દીવ પહોંચ્યા હતા. આજે સવારે વધુ ૭ મૃતદેહ દીવ પહોંચતા સમગ્ર પંથકમાં શોકનું વાતાવરણ છવાયું છે. ત્યારે આજે એકમાત્ર બચી ગયેલા વિશ્વાસે ભાઈ અજયને અંતિમ વિદાય આપી હતી.



વિશ્વાસ, ભાઈ અજયને યાદ કરીને રડતાં રડતાં કહે છે કે, મને કેમ જીવાડ્યો, મને પણ મારી નાખવો હતો...હવે મારે ઘેર જઈને શું કરવું....ભાઈ ભાઈ કરીને વિશ્વાસ બૂમો પાડીને આક્રંદ સાથે રડવા લાગ્યો હતો.પરિવારજનો વિશ્વાસને સાંત્વના આપી હતી.

પ્લેન દુર્ઘટનામાં બચી ગયેલો વિશ્વાસ ભાઈ અજયની અંતિમવિધિમાં ભાંગી પડ્યો હતો. નનામી ઉંચકી ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યો હતો. પરિવારજનોના આક્રંદથી વાતાવરણ ગમગીન બન્યું છે.વિમાન દુર્ઘટનામાંથી એકમાત્ર બચી ગયેલા વિશ્વાસના ભાઈ અજયનો મૃતદેહ તેમના ઘરે પહોંચતા પરિવારજનોએ હૈયાફાટ રુદન કર્યું હતું. મૃતક અજયની પત્નીની તબિયત લથડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વિશ્વાસ પણ હવે દીવ પહોંચી ગયો છે, જ્યાં તેમના ઘરે સન્નાટો છવાયેલો છે.

અજયની અંતિમયાત્રા દરમિયાન વિશ્વાસે પોતાના ભાઈને કાંધ આપતી વખતે ભાવુક થઈને હૈયાફાટ રુદન કર્યું હતું. તેમનું રુદન જોઈને ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. હજુ બે પરિવારો તેમના સ્વજનોના મૃતદેહની રાહ જોઈ રહ્યા છે.

મૃતક અજયની અગાઉ બે દીકરીનાં પણ મોત થયાં હતા વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા વિશ્વાસને સંતાનમાં ત્રણ વર્ષનો પુત્ર છે અને મૃતક અજયને બે દીકરી હતી, પરંતુ લંડનમાં બીમારીને કારણે બંને દીકરીનાં મૃત્યુ થઈ ચૂક્યાં છે.

આજે પહોંચેલા મૃતદેહોમાં છગન ભીખાભાઈ, ચંદુભાઈ ભગવાનભાઈ, હેમાક્ષીબેન ગિરીશભાઈ, આદિલભાઈ ગિરીશભાઈ, તક્ષવિબેન ગિરીશભાઈ, મનીષભાઈ બાબુભાઈ, અજયભાઈ રમેશભાઈ, વનિતાબેન કાનાભાઈ અને ફેઝાનભાઈ રફીકભાઈનો સમાવેશ થાય છે.

# ચેક બાઉન્સના કેસો ચલાવવા અમદાવાદમાં નવી જ કોર્ટ શરૂ થશે

અમદાવાદ,તા.૧૮

અમદાવાદમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ હેઠળના કેસો ચલાવવા માટે નવી ચાર કોર્ટો તા.૧૮મી જૂનથી ધમધમતી થઈ જશે. ચેક રિટર્નના કેસોના નોંધપાત્ર ભરાવાને ધ્યાનમાં લઈ આ કેસોના ઝડપી અને અસરકારક નિકાલ માટે ગુજરાત હાઈકોર્ટ દ્વારા અપનાબજાર બહુમાળી બિલ્ડીંગ ખાતે ચેક રિટર્નના કેસોની વધારાની ચાર નવી કોર્ટો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે,સમગ્ર ગુજરાત રાજયમાં ચેક રિટર્નના પડતર કેસો પૈકી સૌથી વધુ આશરે ચાર લાખથી વધુ કેસો અમદાવાદમાં પડતર છે. એટલે કે,રાજયમાં ચેક રિટર્નના જે કુલ પડતર કેસો છે, તેમાં એકલા અમદાવાદમાં જ આશરે ૬૦ ટકા કેસો તો પડતર છે.

આ અંગે આધારભૂત સૂત્રોએ જણાવ્યું હતું કે, ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રૂમેન્ટ એકટ હેઠળના ચેક રિટર્નના કેસોની હાલ કુલ ૧૯ કોર્ટો આવેલી છે, જે તમામ અપનાબજાર, બહુમાળી બિલ્ડીંગમાં જ કાર્યરત છે.

આ સિવાય ઓનલાઈન કોર્ટમાં પણ એક જજને નિયુકત કરાયા છે અને હવે આ નવી ચાર કોર્ટો ઉમેરાશે એટલે કે, ચેક રિટર્નના કેસોની કુલ કોર્ટો ૨૩ અને પ્લસ એક ઓનલાઈન કોર્ટ એટલે કુલ ૨૪ કોર્ટો ચેક રિટર્નના કેસો માટેની થશે. સૂત્રોએ વધુમાં ઉમેર્યુ કે, ચેક રિટર્નની કોર્ટો વધવાની સાથે સાથે સામે કેસો પણ બહુ નોધનીય રીતે વધી રહ્યા છે. ખાસ કરીને પાછલા કેટલાક વર્ષોમાં બેંકો, ફાયનાન્સ કંપનીઓ, ગૃહ મંડળીઓ અને નાણાં ધિરાણ આપતી સંસ્થાઓની સંખ્યા પણ મોટા પ્રમાણમાં વધી છે તો, ચીટીંગના કેસો પણ એ જ રીતે વધી રહ્યા છે, ફુલ્યાફાલ્યા છે.જેના કારણે ચેક રિટર્નના કેસોમાં વધારાનું આ સૌથી મોટુ કારણ છે. સૌથી વધુ કેસો બેંકો, ફાયનાન્સ કંપનીઓ, ધિરાણ આપતી સંસ્થાઓ અને શરાફ પેઢીઓ-મંડળીઓ દ્વારા જ મોટા પ્રમાણમાં દાખલ કરવામાં આવતા હોય છે. જેના કારણે કેસોનો ભરાવો પણ એટલી જ હદે વધી રહ્યો છે.

## ૧૪ વર્ષીય આકાશ પટણીના મૃતદેહને પિતાને સોંપાયો; પરંતુ વળતર અંગે કોઈ જાણ નહીં

# પત્નિની ચાની દુકાન જ પરિવારની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત : દુર્ઘટનામાં પત્નિ ઇજાગ્રસ્ત; પુત્રનું મોત થયું

અમદાવાદ, તા.૧૮

ગુજરાતના અમદાવાદમાં ૧૨ જૂને એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાના સમયે ચાની દુકાન પાસે સૂતેલા ૧૪ વર્ષીય આકાશ પટણીના મૃતદેહને પરિવારને સોંપી દેવાયો છે. આકાશ પટણીના પિતા સુરેશ પટણીએ જણાવ્યું કે, તેમને સોમવારે મોડી રાત્રે મૃતદેહ લઈ જવાનું કહેવામાં આવ્યું હતું. પરંતુ રાત્રે મૃતદેહનો અંતિમ સંસ્કાર કરી શક્યા ન હતા.

તેથી તેમણે મંગળવારે સવારે મૃતદેહ સ્વીકાર્યો હતો. વધુમાં જણાવ્યું કે, મારી પત્ની સીતા પટણી, જે દુર્ઘટનામાં અડધી બળી ગઈ હતી. હવે તે સ્વસ્થ થઈ રહી છે. તેની સર્જરી કરાવી પડી હતી. તેમજ ડોકટર્સે આશ્વાસન આપ્યું છે કે, તેની તબિયત સુધરી રહી છે. જોકે, હજુ ખબર નથી કે, ડોકટર્સ ક્યારે તેને ડિસ્ચાર્જ આપશે.



સુરેશ પટણીએ જણાવ્યું કે, ચાની દુકાન જ પરિવારની આજીવિકાનો મુખ્ય સ્ત્રોત હતી. જોકે, સુરેશ પટણી રિક્ષા ચલાવે છે. જોકે, આટલા દિવસો બાદ પણ તેમને અધિકારીઓ તરફથી કોઈ વળતર આપવામાં નથી આવ્યું તેમજ વળતર ક્યારે મળશે તે વિશે પણ કોઈ વાત કરવામાં નથી આવી.

કોઈએ પણ વળતર માટે અમારો સંપર્ક કર્યો નથી. જો વિમાનમાં સવાર મુસાફરોને વળતર મળે છે, તો અમારી જેવા લોકોને પણ વળતર મળવું જોઈએ, જેણે પોતાના પરિવારના સભ્યોને ગુમાવી દીધા છે. મને આશા છે કે, કોઈને કોઈ આ વિશે મારો સંપર્ક કરશે. નોંધનીય છે કે, સીતાબહેન અકસ્માતવાળી જગ્યાએ ચાની દુકાન ચલાવતા હતા અને ૧૨ જૂને જ્યારે વિમાન મેડિકલ કોલેજ પરિસમાં દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ દુર્ઘટના પહેલાં આકાશ તેની માતાને જમવાનું આપવા ગયો હતો.

સીતાબહેન તો દુર્ઘટના બાદ ઘટનાસ્થળેથી ભાગવામાં સફળ રહ્યા, પરંતુ આકાશ જમવાનું આપીને સૂઈ ગયો હતો અને બાદમાં ક્યારેય પાછો ન જાગ્યો.

## સૌથી પહેલા ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી : કાટમાળમાંથી પીડિતોના સોનાના દાગીના, રોકડ અને દસ્તાવેજો કાઢવાનું કામ સંભાળ્યું હતું

# પ્લેનક્રેશ સ્થળેથી બિઝનેસમેને ૭૦ તોલા સોનાની વસ્તુઓ અધિકારીઓને સોંપી

અમદાવાદ, તા.૧૮

અમદાવાદ માટે ૧૨ જુન કાળો દિવસ માનવામાં આવશે અમદાવાદ થી લંડન જતુ વિમાન ક્રેશ થતાં ૨૪૨ થી વધુ લોકો ના જીવ ગયા હતા. આ ઘટનામાં કાટમાળ ખસેડવાની કામગીરી દરમિયાન અનેક લોકના સામાન પણ મળી આવ્યા હતા.

પ્લેન ક્રેશ થયા બાદ ઘણા બધા લોકો સેવા માટે આગળ આવ્યા હતા. કેટલાક લોકો ઘટનાસ્થળે તંત્રને મદદ કરી રહ્યા હતા, તો કેટલાક લોકો સિવિલ હોસ્પિટલમાં મદદ માટે પહોંચી ગયા હતા.કન્સ્ટ્રકશનનું કામ કરતા રાજુભાઈ પટેલ અને તેમની ટીમે ઘણું સરાહનીય કામ કર્યું હતું.

જ્યારે મેઘાણીનગરમાં બીજે મેડિકલ કોલેજની હોસ્ટેલ પર પ્લેન



પડ્યું હોવાના સમાચાર વહેતા થયા તે સમયે કન્સ્ટ્રક્શનનું કામ કરતા ૫૬ વર્ષના રાજુ પટેલ ઘટનાસ્થળની નજીકમાં જ હતા.

પ્લેન ક્રેશની વાત સાંભળી તેઓ પાંચ જ મિનિટમાં ત્યાં પહોંચી ગયા હતા. આગ અને અફરાતફરી વચ્ચે તેમણે અને તેમના મિત્રોએ સૌથી પહેલા ઘાયલોને બહાર કાઢવામાં મદદ કરી અને પછી કાટમાળમાંથી પીડિતોના સોનાના દાગીના, રોકડ અને દસ્તાવેજો કાઢવાનું કામ સંભાળી લીધું.

બાદમાં એ લોકોએ તમામ વસ્તુઓ અધિકારીઓને સોંપી દીધી હતી. રાજુભાઈ એ જણાવ્યું કે, સાંજે ૪ વાગ્યા સુધી બચાવ કાર્ય લગભગ પુરું થયા પછી તેમણે અને તેમની ટીમે ચારે તરફ વિખરાયેલી બેગ્સને તપાસવાનું શરૂ કર્યું.

તેમને ૭૦ તોલા સોનાના દાગીના, બંગડીઓ અને અન્ય આભૂષણો ઉપરાંત ૮૦,૦૦૦ રૂપિયા રોકડા, ભગવદ ગીતા અને પાસપોર્ટ પણ મળ્યા હતા. આ બધી વસ્તુઓ અધિકારીઓને સોંપી દીધી હતી. તેમણે કહ્યું કે, તેમને કંઈક કરી શક્યા તેનો સંતોષ છે.

---

અમેરીકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરવાની વિનંતી કરતાં વડાપ્રધાન મોદી અને ટ્રમ્પ વચ્ચે પાંત્રીસ મિનિટ ફોન પર વાતચીત, મોદીએ સાફ શબ્દોમાં કહ્યું, ભારત-પાક વચ્ચે સીઝફાયરમાં અમેરિકાની કોઈ ભૂમિકા નથી, ઓપરેશન સિંદૂર હજુ ચાલુ છે. એવું જાણવા મળ્યું બીજી બાજુ સૌરાષ્ટ્રમાં શેત્રુંજી ડેમ છલોછલ, અમરેલીના પાંચ ડેમ ઓવરફલો, ભાવનગર,સુરેન્દ્રનગર,મોરબી જિલ્લામાં મેઘરાજાનું ધમાકેદાર આગમન અને સંસ્કૃત એટલે દેવભાષા.. એક અનેરી ગરિમા છે સંસ્કૃતિની સંસ્કૃત ભાષા અને સાહિત્યનો વ્યાપક પ્રચાર થાય અને સંસ્કૃત જન-જન સુધી પહોંચે,તેવો રાજ્ય સરકારનો પ્રયાસ છે.આ માટે રાજ્ય સરકારે સંસ્કૃત બોર્ડની સ્થાપના કરી છે. આજે સંસ્કૃત બોર્ડની સ્થાયી સમિતિની બેઠકમાં સંસ્કૃત ભાષા નો વ્યાપ વધારવા માટેની પાંચ યોજનાઓ – ‘યોજના પંચકમ્’ લોન્ચ કરી.જેમાં,‘સંસ્કૃત સપ્તાહ મહોત્સવ યોજના’ હેઠળ તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ થી ૧૩મી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન સમગ્ર ગુજરાત માં સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવશે.‘સંસ્કૃત સંવર્ધન સહાયતાયોજના હેઠળ સંસ્કૃતના સંમેલન,પ્રશિક્ષણ વર્ગ, કાર્યશાળા સંશોધન વગેરે પ્રવૃત્તિઓ માટે બોર્ડ નાણાંકીય સહાય કરશે. ‘સંસ્કૃત પ્રોત્સાહન યોજના’હેઠળ ધો-૧૦માં તમામ વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષય સાથે અભ્યાસ કરે તેવી શાળા/સંસ્થા ઓનેનાણાં કીય સહાય કરવામાં આવશે.

‘શ્રીમદ્? ભગવદ્? ગીતા યોજના’ હેઠળ નાગરિકોને ભગવદ્ગીતાથી પરિચિત કરવાના પ્રયાસો હાથ ધરાશે.‘શત્? સુભાષિત કંઠ પાઠ યોજના’ હેઠળ નૈતિક મૂલ્યો પ્રત્યે પ્રેરિત કરે તેવા સો જેટલા સુભાષિત સમાજમાં ઉત્તમ નાગરિક ઘડતર માટે મુકવામાં આવશે.આજના અવસરે,સંસ્કૃત બોર્ડના લોગોનું અનાવરણ પણ કર્યું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ‘‘વિકાસ

## ક્યારેક આપણને બીજાઓ કરતાં આપણા પોતાના લોકોથી વધુ ખતરો વધુ હોય છે, કારણ કે બોટ બહાર ના પાણીને કારણે નહીં, પણ અંદરના છિદ્રને કારણે ડૂબી જાય છે.



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**



ભી,વિરાસત ભી’’ મંત્રથી પ્રેરિત થઈને રાજ્ય સરકાર સંસ્કૃતના સમયાનુકૂળ જતન- સંવર્ધન માટે પ્રતિબદ્ધ છે. તેમાં આ યોજનાઓ મહત્ત્વની ભૂમિકા ભજવશે.ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો સંસ્કૃતનું જ્ઞાન હોય તો જ રોજ દસમ સ્કંધનો, વિષ્ણુ સહસ્ત્ર નામનો,શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ અર્થજ્ઞાન સાથે કરો. પ્રભુ જલ્દી કૃપા કરતા નથી. સ્વેચ્છાથી દુઃખ સહન કરે તેને થમરાજ દુઃખ આપી શકતા નથી. આત્મદેવ એક આસને દસ-બાર કલાક બેસતા.એક આસને બેસો. જે લીલાની કથા ચાલતી હોય તે લીલા પ્રત્યક્ષ થઈ રહી છે તેમ વિચારો તો આનંદ આવશે. દશ્યમાંથી દષ્ટિ હઠી જાય અને દષ્ટિમાં સ્થિર થાય, તો આનંદ પ્રગટે.

ગોકર્ણને લાગ્યું કે, ધુંધુકારીનું વર્તન મને વિક્ષેપ કરશે. એટલે તેઓ પણ વનમાં જાય છે. બીજી બાજુ ધુંધુકારી વેશ્યાઓને રાજી કરવા ચોરીઓ કરવા લાગ્યો.

એક-એક ઈન્દ્રિયનો ધણી જીવ છે. પરંતુ જો ઈન્દ્રિય ધણી થાય, એટલે કે મનુષ્ય ઈન્દ્રિયને આધીન થાય તો તેનું જીવન બગડે છે. મન ઈશ્વર સાથે મૈત્રી કરે, ત્યારે સુખ થાય છે અને વિમુખ થાય ત્યારે દુઃખ થાય છે.

ધુંધુકારી અનર્થથી અર્થોપાર્જન કરે છે, તે રાજાને ઘરે ચોરી કરવા લાગ્યા.દાગીનાઓ લાવી વેશ્યા ઓને આપ્યા. વેશ્યાઓ વિચાર કરે છે કે, આ જીવતો રહેશે તો આપણે પણ તેની સાથે કોઈ વખત પકડાઈ જઈશું ને ધન ખોઈ બેસી સજા પામીશું માટે આને મારી નાખીએ. વેશ્યાઓએ ધુંધુકારીને દોરડા વડે બાંધ્યો. ગળે ફાંસો આપ્યો, તો પણ ધુંધુકારી મરતો નથી. અતિ પાપીને જલ્દી મોત આવતું નથી.વેશ્યાઓ બળતા અંગારા ધુંધુકારીના મોઢામાં નાખે છે અને તેને મારી નાખે છે. પંચેન્દ્રિયો, પંચવિષયો અંતકાળમાં જીવને આમ મારે છે. પછી વેશ્યાઓએ તેના શરીરને અગ્નિસંસ્કાર પણ કર્યો નહીં, દાટી દીધું. ધુંધુકારી પોતાના કુકર્મોને કારણે ભયંકર પ્રેત બન્યો. પાપી યમપુરીમાં પણ જતો નથી, તે પ્રેત બને છે.

ગોકર્ણે ધુંધુકારીના મરણના સમાચાર સાંભળ્યા.તેઓ ગયાજી માં આવ્યા છે. ગોકર્ણ ધુંધુકારી પાછળ ગયાજીમાં શ્રાદ્ધ કર્યું. ગયા શ્રાદ્ધ શ્રેષ્ઠ છે.ત્યાં વિષ્ણુ પાદ છે. તેની કથા એવી છે કે ગયાસુર કરીને એક રાક્ષસ હતો. તેણે તપથી બ્રહ્માને પ્રસન્ન કર્યા. બ્રહ્માએ કહ્યું કે વરદાન માગ. ત્યારે તે બ્રહ્માને કહે છે કે, તમે શું વરદાન આપવાના હતા? તમારે મારી પાસે કાંઈ માગવું હોય તો માગો. બ્રહ્માએ વિચાર્યું કે, આ અસુર આમ મરવાનો નથી. પણ આના શરીર ઉપર લાંબા સમય સુધી યજ્ઞ કરીશું તો એ મરશે, એટલે બ્રહ્માએ યજ્ઞ માટે તેનું શરીર માગ્યું. યજ્ઞકુંડ ગયાસુરની છાતી પર કરવામાં આવેલો. સો વર્ષ સુધી યજ્ઞ ચાલ્યો,પણ ગયા સુર મર્યો નહીં. યજ્ઞની પૂર્ણાહુતિ પછી તે ઊઠવા ગયો, ત્યારે બ્રહ્મા ચિંતાતુર બન્યા.બ્રહ્માએ નારાયણ નું ધ્યાન કર્યું. નારાયણ ભગવાન પ્રગટ થયા અને ગયાસુરની છાતી માં બે ચરણો પધરાવ્યાં. ગયાસુરે મરતી વેળા ભગવાન પાસે વરદાન માગ્યુંકે,આ ગયામાં જે કોઈ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓની મુક્તિ થાય. ભગવાને વરદાન દીધું કે,તારા શરીર ઉપર જે પિંડદાન કરશે, તેના પિતૃઓને ભક્તિ મળશે ભગવાને ગયાસુરને મુકિત આપી માટે ગયાજીમાં જે પિતૃ શ્રાદ્ધ કરશે તેના પિતૃઓને મુક્તિ મળશે

ગોકર્ણ તે પછી ઘરે આવ્યા. ત્યાં તેણે રાત્રે કોઈના રુદનનો અવાજ સાંભળ્યો.

મનુષ્ય પાપ કરે છે ત્યારે હસે છે પણ પાપની સજા ભોગવવાનો વખત આવે છે ત્યારે રડે છે. એક જ મા-બાપના પુત્રો હોવા છતાં ગોકર્ણ દેવ થયા છે અને ધુંધુકારી પ્રેત બન્યો છે. દેવ થવું તે તમારા હાથમાં છે.

ગોકર્ણ પૂછે છે, તું કોણ છે? ભૂત છે? પિશાચ છે? રાક્ષસ છે? તારી આ દશા કેમ થઈ!

પ્રેત બોલ્યું,હું તમારો ભાઈ ધુંધુકારી છું.મેં બહુ પાપો કર્યા છે તેથી મારી આ દશા થઈ છે. મને પ્રેત યોનિ મળી છે.

ગોકર્ણે કહ્યું,તારી પાછળ મેં ગયાજીમાં પિંડદાન કર્યું, તે છતાં તું પ્રેતયોનિમાંથી મુક્ત કેમ ન થયો?

પ્રેત બોલ્યું, મેં એટલાં પાપ કર્યા છે કે ગયામાં સેંકડો શ્રાદ્ધ કરો, તો પણ મને મુક્તિ મળવાની નથી.

ગોકર્ણે પૂછ્યું, તો તારી સદગતિ કેમ થાય?ઠીક છે,એ વિશે હું કાલે સૂર્યનારાયણને પૂછી જોઈશ!

બીજા દિવસે ગોકર્ણસૂર્યનારાયણ ને અર્ધ્ય આપી કહે છે,મહારાજ, મારા ભાઈનો ઉદ્ધાર થાય તેવો ઉપાય બતાવો.

સૂર્ય ભગવાન કહે, ભાગવતની વિધિપૂર્વક કથા કરો! જે જીવની મુક્તિ શ્રાદ્ધથી ન થાય તેને ભગવાન મુક્તિ અપાવે છે.

ધુંધુકારીને પાપમાંથી છોડાવવા ગોકર્ણે ભાગવત સપ્તાહનું પારાયણ કર્યું. ધુંધુકારી ત્યાં આવ્યો. તેને બેસવાની જગ્યા મળી નહીં એટલે સાત ગાંઠવાળા વાંસમાં તેણે પ્રવેશ કર્યો.રોજએક એક એમ વાંસની સાતગાંઠો તૂટી. સાતમે દિવસે પરીક્ષિત-મોક્ષની કથા થઈ.વાંસમાંથી દિવ્ય પુરુષ બહાર આવ્યો. ગોકર્ણને પ્રણામ કરી તે બોલ્યો,ભાઈ,તે પ્રેતયોનિ માંથી મારીમુક્તિ કરી છે!

જડ વાંસની ગાંઠ તૂટી જાય તો ચેતનની ગાંઠ કેમ ન તૂટે?વાંસ એટલે વાસના. વાંસની સાત ગાંઠો એટલે વાસનાની સાત ગાંઠો. વાસના જ પુનર્જન્મનું કારણ બને છે.તેથી વાસનાનો નાશ કરો. વાસના ઉપર વિજય એ જ સુખી થવાનો ઉપાય છે. વાસના અથવા આસક્તિ સાત પ્રકારની છે:૧.સ્ત્રી માં આસક્તિ(પતિ- પત્નીની આસક્તિ),૨. પુત્રમાં આસક્તિ (માતા-પિતાની અને સંતાનની આસક્તિ),૩.ધંધા માં આસક્તિ ૪.દ્રવ્યમાં આસક્તિ ૫. કુટુંબની આસક્તિ, ૬. ઘરની આસક્તિ, ૭. ગામની આસક્તિ.આ આસક્તિનો ત્યાગ કરો. જીવનમાં જીવભાવ વાસનાથી આવ્યો છે. વાસનાને લીધે જીવ નિષ્કામમાંથી સકામ બન્યો.વાસનાઓની ગ્રંથિ ઓ ન છૂટે ત્યાં સુધી તેનામાંથી જીવભાવ જતો નથી.

શાસ્ત્રમાં કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર અને અવિદ્યાને સાત ગાંઠ બતાવી છે.આ સાત ગાંઠોમાં જીવ બંધાયેલો છે, તેમાંથી તેને છોડાવવાનો છે. ભાગવતની કથા શ્રવણ કરવાથી વાસનાની એક- એક ગાંઠ તૂટે છે. પ્રભુ પ્રત્યે પ્રેમ વધે એટલે આસક્તિની ગાંઠ છૂટી જાય.માટે ઈશ્વર એકલો જસાચો છે એમ માની નિત્ય તેનું સ્મરણ કરવું.એક ગૃહસ્થ બાર વર્ષથી ભાગવતની કથા સાંભળે. એક બ્રાહ્મણ રોજ કથા કરવા આવે. એક દિવસ શેઠને બહારગામ જવાનું થયું. કથા સાંભળવાના નિયમનો ભંગ કેમ થાય? તેમણે બ્રાહ્મણને કહ્યું, મારાથી કાલે કથા નહીં સંભળાય.નિયમનું શું થશે? બ્રાહ્મણે કહ્યું,તમારા બદલે તમારો પુત્ર કથા સાંભળશે તો ચાલશે. ગૃહસ્થે કહ્યું, પરંતુ કથા સાંભળી એને ક્યાંક સંસાર ઉપરથી વૈરાગ્ય આવી જાય તો? બ્રાહ્મણે કહ્યું, બાર વર્ષથી તમે કથા સાંભળો છો. તમને વૈરાગ્ય ન આવ્યો અને એક દિવસની કથાથી છોકરાને શું વૈરાગ્ય આવી જશે? કેવી વાત કરો છો તમે? યજમાન કહે છે, અમે રોજ કથા સાંભળીએ છીએ,પણ મનની ગાંઠ છોડતા નથી તો!પરમાત્માના ચરણોનો આશ્રય લઈ મહાપાપી ધુંધુકારી દેવ જેવો બન્યો.

ધુંધુકારીને લેવા પાર્ષદો વિમાન લઈને આવ્યા. ગોકર્ણ પાર્ષદોને પૂછે છે કે, એકલા ધુંધુકારી માટે વિમાન લાવ્યા, બીજા કોઈ માટે ન લાવ્યા? ત્યારે પાર્ષદો કહે છે કે, તે એક આસને બેસતો. ઉપવાસ કરતો અને કથાનું રોજ શ્રવણ સાથે મનન કરતો!માટે કથા રોજ ધુંધુકારીની જેમ સાંભળવી જોઈએ તેણે કથાનું શ્રવણ, મનન એટલે નિદિધ્યાસન કર્યું એટલે મુક્તિ મળી.

દ્રઢતા વગરનું જ્ઞાન નકામું,બેદર કારીથી કરેલું શ્રવણ નકામું, સંદેહ હોય તે મંત્ર નકામો અને વ્યગ્ર ચિત્તે કરેલો જપ પણ નકામો. કથામાં બેઠા હોય પણ મન ન હોય તો એ શ્રવણ શું કામનું! કથા સાંભળતી વખતે તન, મન અને ઘરનું ભાન ભૂલાઈ જવું જોઈએ. તન્મયતાથી કથા સાંભળવી જોઈએ.કથા સાંભળી જીવનમાં એક લક્ષ્ય નક્કી કરવું જોઈએ.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## પ્લાસ્ટિકને જાકારો આપવા 'માય થેલી' કાર્યક્રમ થકી સ્વસહાય જુથના બહેનો બનશે પ્લાસ્ટિક મુક્ત અભિયાનના વાહકો

# જીન્સનું પેન્ટ, કુર્તા કે ડ્રેસ જેવા જૂના કપડાંમાંથી સખી મંડળની બહેનો દ્વારા વિનામૂલ્યે આકર્ષક થેલી બનાવી આપવામાં આવશે

### આગામી ઓક્ટોબર માસ સુધી દર ગુરુ અને શુક્રવારે જુના કપડાંમાંથી નિઃશુલ્ક થેલી બનાવી આપવાનો જિલ્લાની નગરપાલિકાઓનો સરાહનીય પ્રયાસ




(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત પ્લાસ્ટિકના પ્રદૂષણને નાબૂદ કરવા અને પર્યાવરણને સ્વચ્છ રાખવાના ઉદ્દેશ્ય સાથે જિલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા ''માય થેલી' કાર્યક્રમ થકી સરાહનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ પ્લાસ્ટિકની થેલીઓના ઉપયોગને ઘટાડીને કપડાંની થેલીઓના ઉપયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનો સ્થળ પર જ શહેરીજનોને તેમનાં જૂના કપડાંમાંથી આકર્ષક થેલીઓ વિનામૂલ્યે બનાવી આપે છે.

રાજ્ય સરકાર દ્વારા ''પ્લાસ્ટિક મુક્ત ગુજરાત અભિયાન'' હેઠળ સૌથી વધુ ચલણમાં રહેલા પ્લાસ્ટીકના બેગ પર પ્રતિબંધ મુકાયો છે. લોકોની સમજદારી સાથે પ્લાસ્ટીકને રોજિંદા જીવનમાંથી સંપૂર્ણ દૂર કરવું ખુબ જરૂરી છે. કારણ કે પ્લાસ્ટિકનો નાશ કરવો ખુબ મુશ્કેલ છે અને તે પર્યાવરણને પણ નુકસાન કરે છે.

સાબરકાંઠા જિલ્લાની તમામ નગરપાલિકાઓ દ્વારા લોકોને પ્લાસ્ટિક બેગના વ્યસનથી મુક્ત કરવા વેસ્ટમાંથી બેસ્ટ થીમ સાર્થક કરતો નવતર અભિગમ સ્વચ્છ ભારત મિશન શહેરી અને ગુજરાત અર્બન લાઈવલીહૂડ મિશનના સંયુક્ત ઉપક્રમે 'માય થેલી' પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આપણે જાણીએ છીએ કે એક પણ એવું ઘર નહીં હોય કે જેમની પાસે જુના કપડાં ન હોય. તો આવા જુના કપડાં છે, તેનું શું કરવું ? બસ, આ જ વિચારને સદાચારમાં ફેરવી આપે છે 'માય થેલી' પ્રોજેક્ટ.

રાજ્ય સરકારના લાઈવલીહુડ મિશન અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં સખી મંડળની બહેનોને તેમનું આર્ટ પ્રદર્શિત કરવા રાજ્ય સરકાર દ્વારા તેઓને પ્રોત્સાહક કામગીરી, ભંડોળ અને વેચાણ માટે મેળાઓનું આયોજન કરી આપવામાં આવે છે. ત્યારે આજ બહેનો તેમની સીવણની સ્કિલ થકી ''પ્લાસ્ટિક મુક્ત ગુજરાત'' અભિયાનના વાહક બન્યા છે.

જિલ્લાની તમામ નગરપાલિકા વિસ્તારની જાહેર જનતાને પ્લાસ્ટિક નાબૂદી ઝુંબેશ અન્વયે 'માય થેલી' ઈવેન્ટમાં નગરપાલિકાના સ્વ સહાય જુથો (સખી મંડળ)ના બહેનો દ્વારા જુના કપડા લઈ તેઓને જુના કપડાંની થેલી વિનામૂલ્યે સ્થળ પર જ બનાવી બનાવવામાં આવે છે.આ પ્રોજેક્ટ અંતર્ગત હિંમતનગર ખાતે ફાયર સેફ્ટી છપરીયા સ્થળે આગામી ઓક્ટોબર માસ સુધી દર ગુરુ અને શુક્રવારે થેલી બનાવી આપવામાં આવશે.

હવે માર્કેટમાં જ્યારે મહિલાઓ શોપિંગ કરવા જશે ત્યારે હાથમાં ઘરના સભ્યોના જીન્સના પેન્ટ કે ટૂંકા પડી ગયેલા ડીઝાઈનર કપડાંમાંથી બનેલી ફેશનેબલ થેલી હશે, ગરિમામય શોપિંગની અનુભૂતિ સાથે પ્લાસ્ટિકમુક્ત અભિયાન પણ સફળ બનશે.

---

## તૈયાર પાકને નુકસાન થવાની સંભાવનાને કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે

# બનાસકાંઠા જિલ્લાના દિયોદરમાં સૌથી વધુ ૮૩ મિમી, કાંકરેજમાં ૩૯ મિમી વરસાદ નોંધાયો



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં નોંધપાત્ર વરસાદ થયો છે. હવામાન વિભાગના અહેવાલ મુજબ, દિયોદરમાં સૌથી વધુ ૮૩ મિમી વરસાદ નોંધાયો છે. કાંકરેજમાં ૩૯ મિમી વરસાદ પડ્યો છે.

જિલ્લાના અન્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે. ધાનેરા અને સુઈગામમાં ૧૨-૧૨ મિમી વરસાદ થયો છે. દાંતીવાડામાં ૬ મિમી વરસાદ નોંધાયો છે. પાલનપુર, ભાભર અને લાખણીમાં ૫-૫ મિમી વરસાદ પડ્યો છે. ડીસામાં ૪ મિમી અને વડગામમાં ૨ મિમી વરસાદ થયો છે.

તૈયાર પાકને નુકસાન થવાની સંભાવનાને કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. હવામાન વિભાગે આગામી દિવસોમાં પણ વરસાદની આગાહી કરી છે. જિલ્લા વહીવટી તંત્ર સ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

---

## એક અજાણ્યા વ્યક્તિએ બાઈક ચોરી કરીને ફરાર થઈ ગયો હતો

# પાલનપુરમાંથી ચોરાયેલું બાઈક બે દિવસમાં શોધી માલિકને સોંપ્યું, માલિકે પોલીસનો આભાર માન્યો



(ગરવી તાકાત) પાલનપુર તા.૧૮

પાલનપુર તાલુકા પોલીસે ઝડપી કાર્યવાહી કરીને ચોરાયેલું બાઈક માત્ર બે દિવસમાં શોધી કાઢ્યું છે. પાલનપુર ટાટા મોટર્સની સામેથી એક અજાણ્યા વ્યક્તિએ બાઈક ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. બાઈકના માલિકે તરત જ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં અરજી નોંધાવી હતી.

પોલીસે તાત્કાલિક કાર્યવાહી શરૂ કરી અને માત્ર બે દિવસની અંદર જ ચોરાયેલું બાઈક શોધી કાઢ્યું. પોલીસે બાઈક તેના મૂળ માલિકને પરત સોંપતા માલિકના ચહેરા પર ખુશી જોવા મળી હતી. બાઈકના માલિકે તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર મિતેષ બારોટ અને સમગ્ર તાલુકા પોલીસ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટના પોલીસની કાર્યક્ષમતા અને પ્રતિબદ્ધતાનું ઉદાહરણ બની છે.

---

## આસન અને સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું

# વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં યોગ સપ્તાહ નિમિતે યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ યોજાયો



(ગરવી તાકાત) વિસનગર તા.૧૮

વિસનગરની સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના વિદ્યાર્થી પરિષદના યોગ અને વેલનેસ ક્લબ તથા એન એસ એસ યુનિટ દ્વારા તારીખ ૧૭/૦૬/૨૦૨૫ નારોજ યોગ સપ્તાહ નિમિતે યોગ ચેમ્પિયનશિપ ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોગ ચેમ્પિયનશિપમાં મુખ્ય એક્સપર્ટ તરીકે ડૉ. સત્યસિંહજી જાલા (લકુલેશ યોગ યુનિવર્સિટી અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા આસન અને સૂર્ય નમસ્કાર સ્પર્ધાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ યોગ ચેમ્પિયનશિપમાં ૯૦ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો. સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના યોગા ઈન્સ્ટ્રક્ટર કિંજલ જાડેજા અને નિસર્ગ વાઘેલા દ્વારા વિદ્યાર્થીઓને પ્રશિક્ષિણ આપવામાં આવ્યું હતું. સાંકળચંદ યુનિવર્સિટીના પ્રેસિડન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ. પી. એમ. ઉદાણી, વિદ્યાર્થી ડિન ડો. જે જે પટેલ, એન એસ એસ કોઓર્ડિનેટર ડો. રાકેશ પટેલ તથા તમામ ફેકલટીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.આ યોગ ચેમ્પિયનશિપને સફળ બનવા માટે યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડો. પરિમલ ત્રિવેદી તથા સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

---

## સાબરકાંઠા જિલ્લામાં ૮ માંથી ૭ તાલુકામાં વરસાદી માહોલ

# ઇડર પંથકમાં સૌથી વધુ અઢી ઇંચ, હિંમતનગરમાં એક ઇંચ વરસાદ નોંધાયો : વાતાવરણમાં ઠંડક



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૮ માંથી ૭ તાલુકામાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જિલ્લા ડિઝાસ્ટર વિભાગના આંકડા મુજબ, ઈડરમાં સૌથી વધુ ૬૧ મિમી (અઢી ઈંચ) વરસાદ નોંધાયો છે.

વિજયનગરમાં ૪૧ મિમી (પોણા બે ઈંચ), હિંમતનગરમાં ૩૦ મિમી (એક ઈંચ) અને પ્રાંતિજમાં ૨૦ મિમી (પોણો ઈંચ) વરસાદ થયો છે. વડાલીમાં ૧૮ મિમી, તલોદમાં ૧૧ મિમી અને ખેડબ્રહ્મામાં ૮ મિમી વરસાદ નોંધાયો છે. માત્ર પોશીના તાલુકામાં વરસાદ નોંધાયો નથી.

હિંમતનગર શહેરમાં મંગળવારે મોડી સાંજથી ધીમી ધારે વરસાદ શરૂ થયો હતો. શહેરના મહાવીરનગર, મહાકાળી વિસ્તાર, ગાયત્રી મંદિર રોડ, સહકારી જીન, મેડિસિટી અને મોતીપુરા વિસ્તારના નીચાણવાળા ભાગોમાં પાણી ભરાયા હતા.

ટાવર ચોકમાં ઓવરબ્રિજના છેડે અને મોતીપુરા વિસ્તારમાં નેશનલ હાઈવે પર પાણી ભરાવાને કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હિંમતનગરના કાંકણોલ, આગીયોલ, ગામડી, ગાંભોઈ, ડેમાઈ, નવા અને બેરણાં સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો હતો.

---


## જાહેર-સૂચના

આથી ખેરવા ગામના ગામતળની મિલ્કતના મિલકતધારકોને તેમજ કબજેદારોને જણાવવામાં આવે છેકે, આગામી ટુંક સમયમાં વર્ષાઋતુ શરૂ થવાની હોય જેથી ગામતળમાં આવેલ તમામ મિલ્કતધારકોને તેમજ કબજેદારોને જણાવવામાં આવે છેકે, પોતાની જર્જરીત તેમજ પડી જવાની શક્યતાઓ વાળી મિલકતોને તાત્કાલીક રીપેર કરાવી લેવી અથવા તેમનો કાટકાળ ઉતારી લેવો. જેથી કોઈ પણ જાતની જાનમાલની નુકશાનીથી બચી શકાય. કોઈ પણ મિલકતના પડવાથી કોઈ પણ જાતની જાનમાલની નુકશાની થશે. તો તેની સંપૂર્ણ જવાબદારી મિલ્કતધારકની અથવા કબજેદારની રહેશે.

મોજે : ખેરવા
તા.જિ.મહેસાણા

સહી/-
તલાટી કમ/મંત્રી
ખેરવા ગ્રામ પંચાયત
તા.જિ. મહેસાણા

આદેશનુસાર
ખેરવા ગ્રામ પંચાયત
વહીવટદાર
ખેરવા ગ્રામ પંચાયત
તા.જિ. મહેસાણા


---

# હિંમતનગરના બહુમાળી ભવનમાં ડિઝાસ્ટર ઓફિસ પાસે આડેધડ પાર્કિંગથી ભારે હાલાકી



(ગરવી તાકાત) હિંમતનગર તા.૧૮

હિંમતનગર બહુમાળી ભવનમાં ડિઝાસ્ટર ઓફિસની બાજુમાં લોકો દ્વારા આડેધડ પાર્કિંગ કરાઈ રહ્યું છે. બહુમાળીમાં ગાડી લઈને આવતાં લોકોને યોગ્ય રીતે ગાડી પાર્ક કરે તે માટે કર્મચારી તરીકે હોમગાર્ડ પણ મૂકેલા છે. આમ છતાં કેટલાક લોકો દ્વારા અવ્યવસ્થિત પાર્કિંગ કરાય છે. જેથી અન્ય લોકોને હેરાનગતિ ભોગવવાની સાથે સાથે પરેશાન થવું પડે છે. બહુમાળીમાં ડિઝાસ્ટર ઓફિસની બાજુમાં કેટલાંક વાહન ચાલકોએ અવ્યવસ્થિત રીતે ગાડી પાર્ક કરતાં અન્ય લોકોને ગાડી બહાર કાઢવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

---

# સંક્ષિપ્ત સમાચાર

## સૌરાષ્ટ્રમાં અતિભારે વરસાદના પગલે પૂરની સ્થિતિ, એનડીઆરએફની ટીમ સ્ટેન્ડ બાય રખાઈ

ભાવનગર,તા.૧૮

ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશોમાં અતિભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. આ પૂરગ્રસ્ત વિસ્તારોમાં લોકો ફસાયા છે અને તેમને બચાવવા માટે તાત્કાલિક રાહત અને બચાવ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા માટે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સએ ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરાથી એનડીઆરએફની ત્રણ ટીમોને તાત્કાલિક સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોકલવામાં આવી છે. આ ટીમોમાંથી એક ટીમ કચ્છમાં સ્ટેન્ડબાય રખાઈ છે, જ્યારે ૨ ટીમ રાજકોટમાં તૈનાત કરવામાં આવી છે. આ બે ટીમમાંથી એક ટીમ ભાવનગર અને એક ટીમ બોટાદ મોકલવામાં આવી છે. અતિભારે વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. **NDRF**ની ટીમો સ્થાનિક કલેક્ટરોના સંપર્કમાં રહીને, પૂરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને બચાવવા અને રાહત પહોંચાડવાનું કામ કરી રહી છે. રેસ્ક્યુ ઓપરેશન શરૂ કરી દેવામાં આવ્યા છે અને ટીમો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી રહી છે.

## ખેડામાં સાર્વત્રિક વરસાદઃ ખેડૂતોમાં ખુશીની લહેર, કપડવંજમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

ખેડા,તા.૧૮

સમગ્ર ગુજરાતમાં ચોમાસાની ઋતુ ધીમે ધીમે શરૂ થઈ રહી છે. ખેડા જિલ્લામાં રવિવાર રાતથી વિવિધ વિસ્તારોમાં છૂટાછવાયા વરસાદ અને ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. સોમવારે દિવસ દરમિયાન સમગ્ર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ પડ્યો હતો. જિલ્લામાં સરેરાશ એક ઈંચ વરસાદ પડ્યો હતો.

ખેડા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સવારથી વાદળછાયું વાતાવરણ. છોટા ચાવયા ઝાપટા જોવા મળ્યા હતા. સોમવારે જિલ્લાના નડિયાદ, મહુધા, કઠલાલ અને કપડવંજ સહિતના તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. દિવસ દરમિયાન કપડવંજમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

ખેડા જિલ્લામાં ચોમાસાનું વાતાવરણ ધીમે ધીમે ડૂબી રહ્યું હતું, વાતાવરણમાં ઠંડક ફેલાઈ ગઈ હતી, ગરમી અને બફારાથી પીડિત લોકોને રાહત મળી છે. તેથી ખેડૂતો પણ સારા વરસાદની આશા રાખે છે. સોમવારે જિલ્લાના તમામ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. સરેરાશ ૨૫.૫ મીમી વરસાદ નોંધાયો છે.

તાલુકા પ્રમાણે વિગતો જોઈએ તો કપડવંજમાં ૫૭ મીમી, કઠલાલમાં ૨૫ મીમી, મહેમદાવાદમાં ૧૮ મીમી, ખેડામાં ૨૭ મીમી, માતરમાં ૩૦ મીમી, નડિયાદમાં ૧૩ મીમી, મહુધામાં ૩૩ મીમી, ઠાસરામાં ૧૮ મીમી, ગળતેશ્વરમાં ૧૮ મીમી અને વસોમાં ૧૬ મીમી વરસાદ પડ્યો છે. હા.

ખેડા જિલ્લાના ખેડૂતો ચોમાસાની ઋતુ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. ધરતીના પુત્રો હવે સારા ચોમાસાના વરસાદની રાહ જોઈ રહ્યા છે. જિલ્લામાં ચોમાસાની સમયસર શરૂઆત થતાં ખેડૂતો હવે સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

## મતદાન દિને શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનના દિવસે કન્ટ્રોલ રૂમ કાર્યરત કરાશે

## મદદનીશ શ્રમ આયુક્તની કચેરી મહેસાણા ખાતે કાર્યરત કરવામાં આવનાર કન્ટ્રોલરૂમનો ફોન નં :-(૦૨૭૬૨) ૨૨૧૭૨૯ રહેશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૮

૨૪-કડી (અ.જા) વિધાનસભા મતવિભાગ પેટા ચૂંટણી-૨૦૨૫ અન્વયે સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મદદનીશ શ્રમ આયુક્તની કચેરી, રૂમ નં. ૫, બ્લોક નં. ૧, પહેલો માળ, બહુમાળી મકાન, રાજમહેલ રોડ,મહેસાણા ખાતે મતદાનના દિવસે કન્ટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે. આ કન્ટ્રોલરૂમનો ફોન નંઃ-(૦૨૭૬૨) ૨૨૧૭૨૯ રહેશે. તેમ મદદનીશ શ્રમ આયુક્તશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## અમરનાથ યાત્રા રૂટને 'નો ફ્લાઈંગ ઝોન' જાહેર, સુરક્ષાને લઈને તૈયારીઓ થઈ રહી છે



શ્રીનગર,તા.૧૮

અમરનાથ યાત્રા ૩ જુલાઈથી શરૂ થવા જઈ રહી છે. યાત્રાને કારણે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી રહી છે. સરકારે મોટો નિર્ણય લીધો છે. યાત્રાની સુરક્ષાને મજબૂત બનાવવા માટે ગૃહ મંત્રાલયની સલાહ પર જમ્મુ-કાશ્મીર સરકારે પહેલગામ અને બાલતાલ એક્સપ્રેસ પર હવાઈ પ્રતિબંધ લાદ્યો છે. આ કારણે હવે સમગ્ર યાત્રાધામ રૂટને 'નો ફ્લાઈંગ ઝોન' જાહેર કરવામાં આવ્યો છે.

હવે મોટો પ્રશ્ન એ ઉભો થાય છે કે સરકારે આ પગલું કેમ ભર્યું. ખરેખર, સરકારે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે આ પગલું ભર્યું છે. આગામી અમરનાથ યાત્રા માટે તમામ પ્રકારની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કેન્દ્રશાસિત પ્રદેશના ગૃહ વિભાગે પહેલગામ અને બાલતાલ બંને રૂટ સહિત અમરનાથ યાત્રાના તમામ રૂટને 'નો ફ્લાઈંગ ઝોન' જાહેર કર્યા છે. આ પ્રતિબંધ પહેલગામ અને બાલતાલ બંને રૂટને આવરી લેતા તમામ પ્રકારના હવાઈ ઉપકરણો પર લાગુ પડે છે - જેમાં યુએવી, ડ્રોન અને ફુગ્ગાનો સમાવેશ થાય છે.આ સુરક્ષા સૂચનાઓ ૧ જુલાઈથી ૧૦ ઓગસ્ટ સુધી લાગુ રહેશે. ભારત સરકારના ગૃહ મંત્રાલયની સલાહ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, આ નિર્ણય તબીબી કટોકટી, આપત્તિ વ્યવસ્થાપન અથવા સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવતી દેખરેખ કામગીરી જેવા કેટલાક કેસોમાં લાગુ પડશે નહીં.

Volume : 11 Issue : 66 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, District Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002